શહેરના વાતાવરણમાં પલ્ટો : તાપમાન ઘટ્યુ

પ્રિ-મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે શહેરના તાપમાનમાં પલ્ટો આવ્યો છે : ૧૫ થી ૧૮ કિ.મી.ના ઝડપે પવન ફૂંકાયો : વાદળોની અવરજવર વચ્ચે તાપમાન ઘટ્યુ-બફારો વધ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. આજે સવારથી જ આકાશમાં વાદળો જોવા મળ્યા હતા. પવનની ગતિ તેજ બનતા કેટલાક સ્થળોએ હોર્ડીંગ પડી ગયા હતા. વાદળછાયા વાતાવરણના કારણે તાપમાન ઘટ્યુ હતુ પરંતુ બફારો વધ્યો હતો. મહત્તમ તાપમાન ૩૯.૮ ડિ.સે. નોંધાયુ હતુ.

પ્રિ.મોન્સુન એક્ટીવીટી શરૂ થઈ ચૂકી છે. તેના ભાગરૂપે શહેરના વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. વાતાવરણમાં આજે વહેલી સવારથી જ પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં વાદળો છવાયા હતા. વાદળોની અવરજવર વધી તે સાથે જ

● અનુસંધાન પાન-૭ પર

૧૫મી જૂનથી ગુજરાતમાં ચોમાસુ સક્રિય થશે

ગાંધીનગર, તા. ૨૩

અંબાલાલ પટેલની આગાહી મુજબ ગુજરાતમાં ૧૫મી જૂનથી ચોમાસુ બેસી જશે. આ વર્ષે ચોમાસુ સામાન્ય રહેવાનુ પણ પૂર્વાનુમાન કર્યુ છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનું કેરળમાં ૨૬ મે થી ૧ જૂન વચ્ચે આગમન થશે. ગાંધીનગરમાં પ્રિ.મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. તાપમાન ઘટતા ગરમીથી સહેજ રાહત મળી હતી. જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે ચોમાસુ તેની નિર્ધારિત ગતિથી આગળ વધી રહ્યુ છે. ૧૫મી જૂનથી ગુજરાતમાં ચોમાસુ બેસી જશે. સુરતથી ચોમાસાનો પ્રવેશ થશે. આ વર્ષે ચોમાસુ સામાન્ય રહેશે.

વિધાનસભા સંકુલમાં પિલર્સના સાંધા ખુલતાં કેટલોક ભાગ નીચે પડ્યો..!

હિટવેવને લઈ સાંધા ખુલ્યા કે કેમ તેને લઈ કર્મચારીઆલમમાં ચર્ચાઓ જાગી

ગાંધીનગર, તા. ૨૩

રાજયમાં અનોખી આકર્ષણ ધરાવતી વિધાનસભાના બિલ્ડીંગના પિલર્સમાંથી સાંધા ખુલી જતાં કેટલોક હિસ્સો પ્લાસ્ટરનો પડી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે વિધાનસભા બિલ્ડીંગના પહેલા માળથી શરૂ થતા પિલર્સના ત્રીજા માળે સાંધા ખુલી જતાં પ્લાસ્ટર કરી બનાવવામાં આવેલા પિલર્સનો કેટલોક હિસ્સો પડી જવા પામ્યો છે. જો કે આ ભાગ પડ્યો હોવા છતાં કોઈને ઈજા થઈ નથી. એકાદ બારીનો કાચ તુટ્યો છે.

પિલર્સનો પ્લાસ્ટર કરેલો ભાગ ખુલી જતાં લોખંડ અને સ્ટીલ ખુલ્લા દેખાઈ રહ્યા છે. તંત્રએ પણ સમયસૂચકતા વાપરી પ્રથમ માળે આ પિલર્સની આસપાસના વિસ્તારને કોર્ડન કરી લીધો છે.

વિધાનસભા સંકુલમાં અગાઉ પણ એક ટાઈલ્સ પડવાની ઘટના બની હતી. જો કે તે વાતને સારો એવો સમય થઈ ગયો છે. પ્લાસ્ટર ખુલી ગયા પછી જે કચરો પડ્યો છે તેને આજે બપોર સુધી દૂર કરવામાં આવ્યો નથી. શનિ-રવિની રજા દરમ્યાન આ પ્લાસ્ટર ખુલી ગયુ કે કેમ તે અંગે કોઈ સ્પષ્ટતા પ્રાપ્ત થઈ શકી નથી.

ગાંધીનગર શહેરમાં આ વખતે માર્ચ મહિનાના આરંભથી જ હિટવેવ જોવા મળી રહ્યા છે. હિટવેવની અસરો જનજીવન પર પડેલી પણ જોવા મળી છે. સિવિલ હોસ્પિટલમાં હિટવેવની અસરો પામેલા દર્દીઓની સંખ્યા વધી છે.

ગાંધીનગર શહેરમાં વિધાનસભા બિલ્ડીંગમાં હિટવેવને જ લઈ જો આ ઘટના બની કે કેમ તેને લઈ કર્મચારીઓમાં જીણા સ્વરે ચર્ચાઓ શરૂ થઈ છે.

રૂપાલ વરદાયિની માતાના મંદિરને સોમનાથ પેટર્નથી ડેવલપ કરાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલ વરદાયિની માતાના પરિસરને સોમનાથ ટ્રસ્ટ સંચાલિત સોમનાથ મહાદેવના મંદિરની પેટર્ન પર ડેવલપ કરવામાં આવશે.

આજે રાજયના મુખ્ય સચિવ પંકજકુમારની અધ્યક્ષતામાં આ અંગે બેઠક મળવાની હતી પરંતુ હજુ આ કવાયતના પેપર વર્ક પૂર્ણ ન થયા હોવાથી તે મુલ્તવી રહી હતી. હવે ૩૦મી મે ના રોજ આ બેઠક મળશે તેમ જાણવા મળેલ છે.

રૂપાલના પ્રસિદ્ધ વરદાયિની માતા મંદિરને ''પ્રસાદ'' યોજનામાં સ્થાન મળ્યુ છે આ મંદિરના વિકાસને લઈ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અંગત રસ લઈ રહ્યા છે.

આ પરિસરના ડેવલપમેન્ટને લઈ રાજયના પ્રવાસન નિગમના મેને. ડિરેક્ટર પણ મુલાકાત લઈ ગયા છે. અતિ પૌરાણિક મંદિરના પરિસરને સોમનાથ મંદિર પેટર્ન પર ડેવલપ કરવામાં આવશે. આ માટેની તૈયારીઓને હાલ અંતિમ રૂપ આપી આખો રોડમેપ તૈયાર કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

રૂપાલને કેન્દ્રીય ગૃહમંત્રીએ સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત પણ પસંદગી કરી ગ્રામ વિકાસના કામોને પણ વેગીલી બનાવવામાં આવી છે.

રાજ્યમાં કોરોનાના નવા ૨૪ કેસ : ૩૦ દર્દી સાજા થયા

ગાંધીનગર, તા.૨૩

રાજ્યમાં કોરોનાના નવા ૨૪ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૦ દર્દીઓ સાજા પણ થઇ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૮૦૬ દર્દી કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકા સુધી પહોંચી ચુક્યો છે. બીજી તરફ કોરોનાના રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૧,૯૭,૮૩૯ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૮૨ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઇ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૧૮૨ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૨,૧૩,૮૦૬ નાગરિકો કોરોનાને હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું.

ગુડા હવે ચાર ટી પી સ્કીમમાં નવી ગટર લાઈન નાંખવાનુ કામ હાથ ધરશે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા હવે ગુડાના કુલ ચાર ટી પી વિસ્તારમાં ગંદા પાણીના નિકાલની લાઇન નાંખવાનુ કામ શરૂ કરાશે કોન્ટ્રાકટર્સ તેમજ કવોરી ઉદ્યોગની હડતાલ પુર્ણ થતા ગુડા દ્વારા ૩૪૬ હેકટરમાં નવી લાઇન નાંખવા માટે કામ હાથ ધરવામાં આવશે. જયારે આ કામ પુર્ણ થતા હજુ દોઢ વર્ષથી વધુ સમય લાગશે તેમ પણ મનાઇ રહ્યા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં વિવિધ કામો હવે તેજ ગતિએ હાથ ધરવા નિર્ણય લેવાયો છે. જેમાં નજીકના દિવસોમાં હવે ગટર લાઇનનુ કામ પણ ઝડપથી કરવામાં આવશે જેમાં ગુડાના ચાર ટી પી વિસ્તારમાં નવી લાઇન નાંખવામાં આવશે કોન્ટ્રાકટર્સ તેમજ ક્વોરી ઉદ્યોગની હડતાલનો સુખદ અંત આવતા ગુડાએ પણ આ કામગીરી હાથ ધરવા તૈયારી કરી લીધી છે જેના લીધે સ્થાનિક રહીશાને પણ ખાળકુવાની સમસ્યાથી કાયમી મુક્તિ મળશે. શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર અડાલજ વિસ્તારને સમાવતી બે ટી પી સ્કીમ ઉપરાંત કોબા અને કુડાસણ વિસ્તારની અન્ય બે ટી પી સ્કીમના વિસ્તારમાં રહેણાંક વસાહતો વિકાસ પામી છે તેવા ઠેકાણે નવી ગટર લાઇનની સુવિધા આપવા માટે અંદાજિત રૂ ૧૧ કરોડનો ખર્ચ કરાશે જયારે આ અન્વયે કાર્યયોજના પણ તૈયાર કરી દેવામાં આવી છે. આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવાયા બાદ એકાદ મહીનામાં જમીની

● અનુસંધાન પાન-૭ પર

કલેકટર કચેરીમાં ધાત્રીમાતાના બાળકો માટે નમુનારૂપ ઘોડીયા ઘર તૈયાર

સરકારી કચેરીઓમાં મહીલા કર્મચારીઓની વધતી સંખ્યાને અનુલક્ષી ગાંધીનગર કલેકટર કચેરીમાં નવતર વ્યવસ્થા ઉભી કરાઇ : પાટનગર યોજના ભવને ટુંકા સમયગાળામાં સુવિધાયુક્ત ઘોડીયા ઘર તૈયાર કરી દીધુ : અધિક નિવાસી કલેકટરના ઉમદા વિચારને અંજામ અપાયો

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં અનેકવિધ સરકારી કચેરીઓ કાર્યરત છે. જયારે હવે સરકારી કચેરીઓમાં મહીલા કર્મચારીઓની સંખ્યા પણ વધી છે. સમયાંતરે યોજાતી સ્પર્ધાત્મક સરકારી પરીક્ષાઓને અનુલક્ષી મહીલાઓ પણ સરકરી નોકરી મેળવવામાં અવલ્લ નંબરે છે. જેના લીધે નગરની સરકારી કચેરીઓમાં છેલ્લા કેટલાક સમયથી મહીલા કર્મચારીઓની સંખ્યા વધી છે. આ સ્થિતિ વચ્ચે મહીલાઓને અનુલક્ષી જરૂરી સુવિધાઓ તરફ પણ સજાગતા કેળવાઇ છે. ઉચ્ચ અધિકારીઓ પણ મહીલાઓનુ પુરતુ માન સન્માન જળવાય તેમજ તેમને કોઇ તકલીફ ન પડે તે માટે વિશેષ કાળજી કરી રહ્યા છે. જેને અનુલક્ષી ગાંધીનગર કલેકટર કચેરીમાં ધાત્રી માતા એવી મહીલા કર્મચારીઓના માસુમ બાળકો માટે ઘોડીયા ઘરની સુવિધા ઉભી કરવામાં આવી છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી ટુંકા ગાળામાં જ કચેરીના ચોથા મજલે નમુનારૂપ અને સુવિધાસભર ઘોડીયા ઘર તૈયાર કરી દેવાયુ છે.

ગાંધીનગરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓ કર્મચારીઓથી ધમધમતી જોવા મળે છે. જયારે કર્મચારીવર્ગમાં મહીલાઓની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. સરકાર દ્વારા છેલ્લા કેટલાક સમયમાં હાથ ધરાયેલી ભરતી પ્રક્રીયાના અંતે મહીલાઓને પણ સરકારી નોકરીમાં વિશેષ સ્થાન મળ્યુ છે. જેના લીધે કર્મચારીઓમાં મહીલાઓની સંખ્યા વધી છે. ગાંધીનગર જિલ્લા સેવાસદનમાં પણ મહીલાઓને અનુલક્ષી વિશેષ અને માનવતાલક્ષી સુવિધા ઉભી કરવામાં આવી છે. જિલ્લા સેવા સદનમાં ધાત્રી માતા એવી મહીલા કર્મચારીઓના માસુમ બાળકોને ધ્યાનમાં રાખી ઘોડીયા ઘરની સુવિધા ઉભી કરવામાં આવી છે. અદ્યતન બાલ મંદિર તેમજ આંગણવાડી કરતા પણ વિશેષ સુવિધાઓથી સજ્જ આ ઘોડીયા ઘરમાં બાળકો માટે રમત ગમતના સાધનો, ફીડીંગ રૂમ, ટોઈલેટ પેન્ટ્રી, સહીતની તમામ બાબતોનો

● અનુસંધાન પાન-૭ પર

આજે કેવલ જોષીયારા ભાજપમાં જોડાશે

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં ચૂંટણી પૂર્વે ભાજપ આદિવાસી પટ્ટામાં ગાબડુ પાડવામાં સફળ રહી છે. સ્વર્ગસ્થ અનિલ જોષીયારાની ભિલોડા બેઠક પર ભાજપની નજર છે. આ બેઠક મેળવવા ભાજપ અનિલ જોષીયારાના દીકરા કેવલ જોષીયારા ભાજપમાં સામેલો કરવા જઈ રહી છે.ભીલોડા બેઠકને કોંગ્રેસનો ગઢ માનવામાં આવે છે. અને અનિલ જોષીયારા ભિલોડાથી સતત ૫ ટર્મથી જીતતા આવ્યા હતા.જોકે હવે તેમના નિધન બાદ આ બેઠક પોતાના ખાતામાં લાવવા માટે ભાજપ તેજ પ્રયાસો કરી રહ્યું છે. આવતીકાલે કેવલ જોષીયારા ભાજપમાં જોડાશે. અરવલ્લીના ભિલોડા ખાતે સી.આર.પાટીલ જોષીયારાનું ભાજપમાં સ્વાગત કરશે. કેવલ જોષીયારા સાથે કોંગ્રેસના પૂર્વ પંચાયત હોદ્દેદારો સહિત ૧૫૦૦ કાર્યકરો પણ કેસરિયો ધારણ કરવાના છે. ભાજપમાં જોડવાનો આ કાર્યક્રમ ભિલોડાની આર.જી.બારોટ કૉલેજના કેમ્પસમાં રાખવામાં આવ્યો છે.

પ્રિ-મોન્સુન એક્ટીવીટીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. વાતાવરણમાં બદલાવ જોવા મળી રહ્યો છે. આગામી થોડાક જ દિવસોમાં વરસાદની શક્યતા જોવા મળી રહી છે. વરસાદની શક્યતા જોતા શ્રમિકો વરસાદથી બચવા માટે પોતાના છાપરાઓને પ્લાસ્ટીકથી ઢાંકી રહ્યા છે.

ટાઉનહોલમાં કલાકારોને હજુ ૬ મહિના બાદ સ્ટેજ મળશે

હોલના રીનોવેશનનુ કામ ચાલી રહ્યું છે : કલાકારો માટે ગ્રીન રૂમ , ટોઇલેટ બ્લોકનુ કામ ચાલી રહ્યુ છે : હયાત સ્ટ્રકચર વચ્ચે રીનોવેશન કરવાનુ હોવાથી કામ ધીમી ગતિએ ચાલી રહ્યુ છે : હોલના સ્ટ્રકચરનો સ્ટેબિલીટી રીપોર્ટ ઓકે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરના ટાઉનહોલના રીનોવેશન માટે રૂ ૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે ટાઉનહોલનુ જુનુ સ્ટ્રકચર યથાવત રાખી હાલ હોલના રીનોવેશનની કામગીરી ચાલી રહી છે. જેમાં જુના સ્ટ્રકચરનો સ્ટેબિલીટી રીપોર્ટ પણ ઓકે આવી જતા તંત્રએ આગળ કામ ઝડપથી થાય તે મુજબ આયોજન કર્યુ છે. જો કે ગટર લાઇન તેમજ ઈલેક્ટ્રીફિકેશનની કામગીરીમાં પણ સમય જાય તેમ છે. જેના લીધે ટાઉનહોલના રીનોવેશનનો સમગ્ર પ્રોજેકટ પુર્ણ થતા હજુ ૬ મહીના જેટલો સમય લાગશે તેમ પણ સુત્રો જણાંવી રહ્યા છે. હાલ ટાઉનહોલમાં કલાકારો માટેના ગ્રીનરૂમ તેમજ ટોઇલેટ બ્લોક સહીતની કામગીરી ચાલી રહી છે.

ગાંધીનગરના ટાઉનહોલના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે ટાઉનહોલના રીનોવેશનની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. જેમાં જયારે રીનોવેશનની કામગીરી દરમિયાન જુના સ્ટ્રકચરનો ઉપયોગ કરવામાં આવનાર છે. અલબત્ત હોલનુ જુનુ સ્ટ્રકચર યથાવત રાખવામાં આવ્યુ છે. જેથી હયાત બાંધકામનો સ્ટેબીલિટી રીપોર્ટ પણ માંગવામાં આવ્યો હતો. જયારે નિષ્ણાંતો કક્ષાએથી ટાઉનહોલનુ જુનુ સ્ટ્રકચર સારુ જ હોવાનો રીપોર્ટ પણ સુપ્રત કરાયો છે. જયારે ટાઉનહોલમાં જરૂરી તોડફોડનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. હાલ ટાઉનહોલમાં કલાકારો માટે બે ગ્રીનરૂમ બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. આ ઉપરાંત ટાઉનહોલમાં લીફટની નવી સુવિધા પણ ઉભી કરવામાં આવનાર છે. ટાઉનહોલના રીનોવેશનની ફાઇલ અગાઉ વર્ષો સુધી વહીવટી કામગીરી વચ્ચે અટવાઇ હતી ટાઉનહોલના રીનોવેશનમાં આમ પણ વિલંબ થયો છે. ત્યારે હાલ હયાત સ્ટ્રકચર વચ્ચે કામ કરવાનુ હોવાથી વધુ વિલંબ થાય તેવી સ્થિતિ છે.

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com